જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૯/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૪૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૨૦૦ લીટર દેશી દારૂ, ૩૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૪૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૬ બીયર ટીન અને ૦૧ ટાટા પીક અપ ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૪૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૪૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૪૫/૨૦૨૬**

વેજલપુરઃ કેયુરીબહેન વા/ઓ તુષારભાઈ શાહ (ઉ.વ.૬૦)(રહે, આનંદ મંગલ એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર ક્રોસીંગ રોડ, અલકાપાર્ક બસ સ્ટોપ પાસે, જીવરાજપાર્ક) એ તા.૨૩/૦૯/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને–૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સોશિયલ મીડિયા ફેસબુકના માધ્યમથી કેયુરીબહેનના સંપર્કમાં આવેલ આરોપી (૧) તેજલબેન હેમંતભાઈ ગઙ્કર (૨) હેમંતભાઈ ગઙ્કર (૩) મીત હેમંતભાઈ ગઙ્કર (તમામ રહે, લીલી મહાદેવ એપાર્ટમેન્ટ આવકાર હોલ, મણીનગર) એ ભેગા મળી કેયુરીબહેન સાથે ફોન ઉપર વાતચીત કરી મિત્રતા કેળવી વિશ્વાસમાં લઇ, કેયુરીબહેન પાસેથી સને–૨૦૨૨ મા રૂપિયા ૧,૦૦,૦૦૦/–, સને–૨૦૨૩ મા એલ.આઈ.સી.ની પોલીસી ઉપર લીધેલ લોનની રકમના બાકી હપ્તાની રકમ રૂપિયા ૧,૩૧,૫૮૭/–, સને–૨૦૨૩ મા કેયુરીબહેનની પુત્રી પાસેથી લીધેલ રૂપિયા ૨,૦૦,૦૦૦/–, સને–૨૦૨૪ મા કેયુરીબહેન તથા તેમની પુત્રીના સોનાના અલગ–અલગ દાગીના કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦/– તેમજ ઓનલાઈન આપેલ રૂપિયા ૧,૩૧,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૨,૬૨,૫૮૭/– મેળવી લઈ આજદીન સુધી પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.બોરખતરીયા ચલાવે છે.

નારણપુરાઃ મહેશભાઇ રતીલાલ પટેલ (ઉ.વ.૬૮)(રહે.વિજયનગર જૈન દેરાસર પાસે નારણપુરા) એ તા.૨૩/૦૯/૨૦૨૬ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મહેશભાઇએ મોબાઈલમાં યુ ટ્યુબમાં જુના સિક્કા વેચાણનો વિડીયો જોઈ મહેશભાઈ પાસેના સિક્કાના વેચાણ માટે યુ ટ્યુબના વિડીયોમાં આપેલ નંબર ૯૨૮૮૫૩૪૫૨૧ ના ધારક સાથે સંપર્ક કરી સિક્કાના વેચાણ માટે વોટ્સએપ મેસેજ કરી વાતચીત કરતા તેઓએ સિક્કાની મોટી રકમ ઉપજવાની વાત કરી હતી. તા.૧૧/૦૯/૨૦૨૬ થી તા.૧૯/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન વોટ્સએપ નંબર (૧) ૯૨૮૮૫૩૪૫૨૧ (૨) ૭૦૧૪૧૯૩૮૭૭ (૩) ૭૯૫૯૩૭૨૮૮૩ અને મોબાઇલ નંબર ૭૬૯૧૯૭૭૯૨૧ ના ધારકોએ જુના સિક્કાના ખરીદાર બની પ્રોસેસ પેટે મહેશભાઈ પાસેથી અલગ–અલગ યુપીઆઇ આઈડી ઉપર અલગ–અલગ રકમ ભરાવડાવી કુલ રૂપિયા ૬૪,૭૨૭/– મેળવી લઇ મહેશભાઇ પટેલ પાસેથી વધુ રૂપિયા ટ્રાન્સફર કરવાની વાત કરી તેમજ જી.એસ.ટી.અધિકારી તરીકેની ઓળખ આપી રૂપિયા નહી ભરો તો ફરીયાદ કરવાની ધમકી આપી મહેશભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.આર.સકસેના ચલાવે છે.

નિકોલઃ યોગેશસિંહ સ/ઓ દીનેશસિંહ ભદોરીયા (ઉ.વ.૩૬)(રહે,રાધેગોવીંદ ગેલેક્ષી, ગોવર્ધન બંગ્લોઝની બાજુમાં નિકોલ) એ તા.૨૩/૦૯/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૬ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે યોગેશસિંહનો મોબાઇલ ફોન હેક કરી અજાણી વ્યક્તિએ યોગેશસિંહ ભદોરીયાના બેન્ક ખાતામાંથી રૂપિયા ૭૫,૦૦૦/– ઓનલાઇન ટ્રાન્સફર કરી લઈ યોગેશસિંહ ભદોરીયા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ **સમાચાર ચાદી નં.૧૩૪૬/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ દુર્ગેશનંદીની વા/ઓ સ્વદેશપ્રસાદ જાતે કુમાર (ઉ.વ.૭૦) (રહે.શ્રી કૃષ્ણ એપાર્ટમેન્ટ, ચીફ જસ્ટીસ બંગલો રોડ બોડકદેવ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૬ સાંજના ૫/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાજલબેન ગોરધનભાઇ ચલાવે છે.

રાણીપઃ નાઝમીનબાનું વા/ઓ મુન્નીરમુબારીક કુરેશી (ઉ.વ.૩૬)(રહે.હાજી સાબીર લાઈન દિલ્હીવાળી ચાલી, રોનક બજાર, બકરામંડી પાસે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૬ રાતના ૧૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી પી.એન.અસારી ચલાવે છે.

બોડકદેવઃ ઇસ્કોન આંબલી રોડ સીતાવન ફાર્મ જયંતીલાલ બી.આર.ટી.એસ ચાર રસ્તા પાસે કાચા છાપરામાં રહેતા અને મજુરી કામ કરતા મિતેશકુમાર હરમલભાઇ ડામોર (ઉ.વ.૨૫) (મુળ વતન ગામ– જાંબૂ તા–ધાનપુર જી–દાહોદ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૬ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક નજીક ઝાળની ડાળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રસિંહ જીતેન્દ્રસિંહ ચલાવે છે.

મેઘાણીનગરઃ (૧) મેઘાણીનગર ભાર્ગવ રોડ, અરવિંદનગર ખાતે રહેતા રાજેશકુમાર દુબે નાઓની ૧૪ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

મેઘાણીનગરઃ (૨) ભાવિનભાઈ નગીનભાઈ સોલંકી (ઉ.વ.૩૨)(રહે.સંગમ સોસાયટી, મીના બજાર, મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હૂક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.પી.એરૂણકર ચલાવે છે.

ગોમતીપુરઃ મયુરભાઇ રાજેશભાઈ મકવાણા (ઉ.વ.૨૬)(રહે.અશોકનગર સોસાયટી, ચંપા મસ્જિદ પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૬ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હૂક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિંહ રણધીરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી